# કેન્દ્રની ભાજપ સરકારે પ્રજાને ધોળા દિવસે તારા બતાવ્યા છે

હિંમતનગર, તા.૩૧

કેન્દ્રની ભાજપ સરકારે સત્તા પર આવ્યા બાદ દેશની પ્રજાને અચ્છે દિન આયેગેં, સુશાસન, સરળ વ્યાપાર અને જીડીપીમાં ૧૦ ટકા વૃદ્ધિની તથા ૧૦ કરોડ યુવાનોને રોજગાર આપવાના અનેક વચનો આપ્યા હતા. પરંતુ એક વર્ષના શાસનમાં કેન્દ્રની ભાજપ સરકારે પ્રજાને ધોળે દિવસે તારા બતાવ્યા છે. જેના વિરોધમાં ગુરૂવારે સાબરકાંઠા યુવક તથા મહિલા કોંગ્રેસના અગ્રણીઓ તથા કાર્યકરો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ આવેનદપત્રમાં જિલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જગદીશભાઈ જયસ્વાલ, વિપુલભાઈ પટેલ, મનિષભાઈ ભાલોડીયા સહિત અન્ય કાર્યકરોના જણાવ્યા મુજબ કેન્દ્રની ભાજપ સરકારે એક વર્ષમાં મોંઘવારી ઘટાડી નથી તથા ચૂંટણી દરમિયાન આપેલા વચનોનું પાલન પણ કર્યું નથી. વડાપ્રધાને તેમના શાસનમાં વિદેશોનો પ્રવાસ જ કર્યો છે જેથી દેશની પ્રજા ગુમરાહ થઈ છે. જેના વિરોધમાં ગુરુવારે સાબરકાંઠા જિલ્લા યુવક અને મહિલા કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેકટર પી. સ્વરૂપને આવેનદપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિર્મળાબેન પંચાલ, ઈશાક શેખ, રાજુભાઈ રાવલ, મુદસર વિજાપુરા, મંદાબેન, બિલાન મેમણ સહિત અન્ય અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.



## વરથુ ગામે રાષ્ટ્રીય પક્ષી મોરને મોતના મુખમાંથી બચાવાયો

### ગામના યુવાનો દ્વારા કુતરાઓના ચુંગાલમાંથી મોરને બચાવ્યો

મોડાસા તાલુકાના વરથુ ગામે રાતના ૧૦.૩૦ના સુમારે કુતરાના એક ટોળાએ રાષ્ટ્રીય પક્ષી મોર પર હુમલો કરી ઘાયલ કર્યો હતો ત્યારે મોર આ હુમલાથી બચવા માટે તરફડીયા મારતો હતો ત્યારે ગામના જ કાન્હાભાઈ કોદરભાઈ પ્રણામી ત્યાંથી નીકળતા હતા ત્યારે તેમની નજર કુતરાઓના ટોળામાં ફસાયેલો અને જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા આ મોર પર પડી આથી મોરને બચાવા માટે કાન્હાભાઈએ ગામની પાદરે બેઠેલા પ્રણામી સેન્ડી અને બીજા અન્ય યુવકોને બોલાવી મોરને બચાવવા કહ્યું હતું ત્યારે યુવકોએ ભારે જહેમત બાદ રાષ્ટ્રીય પક્ષી મોરને કુતરાઓના ચુંગાલમાંથી બચાવ્યો હતો. બાદ ઘાયલ થયેલા રાષ્ટ્રીય પક્ષીને સારવાર કરી કાન્હાભાઈએ પોતાના ખેતરમાં ખુલ્લામાં છોડી દીધો હતો. ગ્રામજનોને ઘટનાની જાણ થતા પ્રણામી યુવકોના આ ઉમદા કામને બિરદાવ્યું હતું. (તસવીર : જય અમીન)

# દાંતા અને અમીરગઢ તાલુકામાં રૂ. ૪.૧૮ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું

પાલનપુર, તા. ૩૧

બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરદઢ તાલુકામાં આદિજાતિ વિકાસ બોર્ડના અધ્યક્ષ શ્રીમતિ રમીલાબેન બારાના હસ્તે રૂ. ૪.૧૮ કરોડના ૨૭ જેટલા વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાંતા તાલુકાના કુંવારસી અને પુંજપુર તથા અમીરગઢ ખાતે યોજાયેલ સમારોહમાં પ્રાસંગીક પ્રવચન કરતાં અધ્યક્ષા શ્રીમતિ રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠ કેન્દ્ર સરકારને અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારને એક વર્ષ સંપર્ણ સફળતા સાથે પૂર્ણ થયાં છે તે પ્રસંગે સમગ્ર રાજ્યમાં જંગી રકમનાં વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થઈ રહ્યાં છે. તેમણે કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ વિકાસયાત્રાને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તેજ ગતિએ આગળ વધારી રહ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે વિકાસને વરેલી આ સરકાર આદિજાતિ સમાજની ચિંતા કરે છે તેથી જ રાજયભરના આદિજાતિ વિસ્તારોમાં વિરાટ પાયે આમુલ પરિવર્તન આવ્યુ છે. તેમણે જણાવ્યું કે આદિજાતિ બાળકો બહુ સરસ શિક્ષણ મેળવી રહ્યાં છે. પરિણામે ઝડપભેર આદર્શ અને સમૃદ્ધ સમાજનું નિર્માણ થઈ રહ્યું છે.

અધ્યક્ષા શ્રીમતી રમીલાબેન બારાએ જણાવ્યું હતું કે પ્રજાની સુવિધા, સુખાકારી અને વિકાસ માટે સરકારશ્રીની સંખ્યાબંધ કલ્યાણકારી ઉદાર યોજનાઓ અમલમાં છે. તેમણે પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજના, દીકરીઓ માટે સુકન્યા સમૃદ્ધિ યોજના તથા અટલ પેન્શન યોજના તથા ગંભીર બિમારીના સમયે આશીર્વાદરૂપ રાજ્ય સરકારશ્રીની મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજના વિશે સમજ આપતાં કહ્યું કે પ્રજા કલ્યાણ માટે સંખ્યાબંધ યોજનાઓ અને સરકારશ્રીના સક્રિય પ્રયાસોને લીધે નોંધપાત્ર સફળતા મળે છે. અધ્યક્ષા શ્રીમતિ રમીલાબેન બારાએ સ્વચ્છતા જાળવવા ભારપૂર્વક અનુરોધ કરતાં કહ્યું કે દરેક ઘેર શૌચાલય હોય તે હવે અનિવાર્ય રીતે જરૂરી બન્યું છે ત્યારે શૌચાલય બનાવવા સરકારશ્રીની યોજનાનો લાભ લઈને પણ શૌચાલય જરૂર બનાવીએ.

દાંતા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી એલ.કે. બારડે પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે વિકાસ પુરૂષ તરીકે સમગ્ર વિશ્વમાં નામના મેળવનાર આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં સમગ્ર દેશમાં તમામ ક્ષેત્રો અને છેવાડાના વિસ્તારો સુધી ઝડપભેર સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના શાસનમાં જંગી રકમનાં વિકાસકામો થયાં છે તેમજ વિકાસકૂચ ઝડપભેર આગળ વધી રહી છે. આદિજાતિ વિકાસ બોર્ડના ડિરેક્ટરશ્રી માધુભાઈ રાણાએ જણાવ્યું હતું કે સરકારશ્રી દ્વારા આદિજાતિ વ્યક્તિઓ અને વિસ્તારો માટે અઢળક નાણાંની ફાળવણી કરાતાં આદિજાતિ વિસ્તારોમાં સુખાકારી અને વિકાસ નજરે જણાય છે.

લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલ વિકાસકામોમાં રસ્તા, પ્રાથમિક શાળાના ઓરડા, આંગણવાડી કેન્દ્રનું મકાન, ચેક ડેમ વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રસંગે અગ્રણીઓ સર્વશ્રી પ્રભુભાઈ દેસાઈ, શ્રી ભોજાભાઈ તરાલ, શ્રી ગલબાભાઈ ઠાકોર, શ્રી પ્રધુમ્નસિંહ ગઢવી, શ્રી નુરભાઈ ઉમતિયા, શ્રી કાન્તિભાઈ બુંબડીયા, જી. ગ્રામ વિકાસએજન્સીના નિયામકશ્રી પી.આર. રાણા, પ્રાન્ત અધિકારીશ્રી અલગોતર, પ્રાયોજના વહિવટદારશ્રી એસ.કે. રાઠોડ, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહિવટદારશ્રી જી.પી. બ્રહ્મભટ્ટ

# મહેસાણાની સ્વનિર્ભર કોલેજોમાં તગડી ફી વસૂલાતી હોવાની બુમરાણ

મહેસાણા, તા.૩૧

મહેસાણા જિલ્લામાં ખાનગી શાળાઓ, ઉચ્ચ શિક્ષણની સ્વનિર્ભર કોલેજો, અન્ય સ્વનિર્ભર સંસ્થાઓ આવેલ છે. જે પૈકી મોટાભાગની આવી ખાનગી અને સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ પેટે વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી ઉંચી તગડ ફી વસુલવામાં આવતી હોવાની બૂમરાણ ઉઠી છે.

ધો-૧૨ સાન્યસનું પરિણામ જાહેર થતાં સ્વનિર્ભર ઈજનેરી કોલેજો દ્વારા વિદ્યાર્થીઓને આકર્ષવા માટે જોરશોરથી પ્રયાસો થઈ રહ્યા છે. ડીગ્રી એન્જીનિયરીંગ કોલેજોમાં બેઠકો વધી છે ત્યારે આવી કેટલીક કોલેજોના સંચાલકો વિવિધ તરકીબો અજમાવીને વિદ્યાથીનીઓને પોતાની કોલેજમાં પ્રવેશ લેવા માટે સમજાવી રહ્યા છે.

જિલ્લામાં અપવાદરૂપ કેટલીક કોલેજો, સંસ્થાઓને બાદ કરતાં મોટા ભાગની સંસ્થાઓ મેનેજમેન્ટ કવોટાની બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં ડોનેશન પેટે મોટી રકમની માગણી કરીને ગરજવાન શિક્ષિત યુવાન યુવતીઓના વાલીઓ પાસેથી ઉઘાડી લૂંટ ચલાવી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

કહે છે કે અંગ્રેજી માધ્યમની ખાનગી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રવેશ આપવાની બાબતમાં સંચાલકો તગડી રકમ ઉઘરાવીને પવિત્ર શિક્ષણને કલંકિત કરી શિક્ષણના નામે વેપાર કરી રહ્યા છે. આવી સંસ્થાઓમાં બેઠેલા સંચાલકો, ટ્રસ્ટીઓએ નૈતિક મૂલ્યોને નેવે મૂકી શિક્ષણના વેપારની હાટડીઓ શરૂ કરી હોવાનું કહેવાય છે. કેટલીક સંસ્થાઓમાં પવિત્ર શિક્ષણકાર્ય આજે નફાકારક ધંધો બની ગયેલ છે તેવું ચર્ચાય છે.


બીજું ધો-૧૧ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ આપવામાં કેટલીક શાળાઓના સંચાલકોએ પણ જાણે નાણાં કમાવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હોય તેમ વિદ્યાર્થીઓ વાલીઓ પાસેથી, દશ હજારથી માંડીને સાઈઠ હજાર સુધીની રકમ ડોનશન વિકાસ ફાળા કે અન્ય રીતે લેતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આમાં ખરેખર સત્ય શું છે? તે અંગે તપાસ થવી જરુરી મનાય છે.

કેટલીક ખાનગી પ્રાથમિક શાળાઓમાં જુનિયર કે.જી., સિનીયર કે.જી. ધો-૧માં પ્રવેશ માટે ઉંચી ફી વસુલી રહ્યાનું ચર્ચાય છે. આવી સ્થિતિમાં સામાન્ય ગરીબ માનવી મુશ્કેલીમાં મુકાયો છે. જિલ્લામાં દર વર્ષે નવી નવી શિક્ષણ સંસ્થાઓ ઉભી થતી જાય છે. જેના કારણે શિક્ષણનું જાણે વેપારીકરણ થઈ રહ્યું હોય તેમ જણાય છે.

## ૨જીએ પાલનપુરમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે

પાલનપુર, તા.૩૧

પાલનપુરમાં ધો-૧૦ અને ધો-૧૨ પછી કારકિર્દી માર્ગદર્શન અંગે વિદ્યાર્થીઓને માહિતી અને માર્ગદર્શન આપવા તા. ૨-૬-૨૦૧૫ના રોજ ૧૧.૦૦ વાગે કાનુભાઈ મહેતા હોલ, વિદ્યામંદિર સંકુલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે. આ પ્રસંગે નિષ્ણાત વકતાઓ વિસ્તૃત જાણકારી આપશે. આ સેમિનારમાં વિદ્યાર્થીઓને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.



### માનવીના કરેલા માનવી ભોગવે

સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં વન વિભાગ તંત્ર દ્વારા પર્યાવરણની જાળવણી અને વૃક્ષોનો ઉછેર કરવા મોટી-મોટી જાહેરાતો કરવામાં મશગુલ છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના જાણીતા કલ્યાણચોકના વિકાસ પથ પર વિકાસના નામે વૃક્ષોનું આડેધડ નિકંદન કાઢી નાંખવામાં આવતા વૃક્ષોના અભાવે ધોમધખતા ઉનાળામાં ૪૫ ડીગ્રીની કાળઝાળ ગરમીમાં રક્ષણ મેળવવા એક વયોવૃદ્ધ માનવી એક બાંકડાની આડમાં જીવન જીવવા તરસી રહ્યો છે. વાહ રે કુદરત મોડાસાના વૈભવી અને જાણીતા કલ્યાણ ચોકના વિકાસપથ પર છેલ્લા કેટલાક દિવસોથી માત્ર શરીર પર એક લંગોટી પહેરી જાણે હાડપિંજર અવસ્થામાં એક વૃદ્ધ માનવી ગરમી સામે જીવન જીવવા ઉનાળા સામે જંગ લડી રહ્યો હોય તેવુ લાગી રહ્યું છે. ત્યારે આ વૈભવી વિકાસપથ પર પડી રહેલા વયોવૃદ્ધની વ્હારે સરકારીતંત્ર કે મોડાસાની જાણીતી સેવાભાવી સંસ્થાઓ ક્યારે વ્હારે આવશે તેવી આશાએ વૃદ્ધની ચાતક નજરો તે તરફ મંડાયેલી છે. (તસવીર : જય અમીન)

# ૧૦૦ વીઘામાં વિસ્તરેલ પ્રાંતિજની બોક ખાલીખમ

## સિંચાઈને લઈ પંથકના ખેડૂતો ચિંતિત

પ્રાંતિજ, તા.૩૧

પ્રાંતિજના કિસાનોના હાર્દ સમા આવેલ બોક તળાવમાં તળીયા દેખાવા લાગ્યા છે. જેથી ખેતી પર નિર્ભિત કિસાનો સિંચાઈ માટે ચિંતિત બન્યા છે અને વરસાદ પહેલા બોકમાં પાણી ભરાય તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

પ્રાંતિજથી લીમલા ગામ વિસ્તાર સુધીમાં અંદાજે ૧૦૦ વીઘામાં મસ મોટી બોક આવેલી છે જયાં પાણી ખલાસ થઈ જતા આસપાસના ગામડાના બોર કુવાના પાણીના સ્તર નીચે જતા ખેડૂતો ચિંતિત બન્યા છે અને અઠવાડિયામાં આ બોક સત્વરે ભરાય તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે. જો કે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ કિસાનોની આ માંગ સંદર્ભે બોકમાં ઝડપથી પાણી નાંખવામાં આવે અને કિસાનોનો સૂકાતો પાક બચી શકે તે માટે સિંચાઈ વિભાગ સમક્ષ માંગ કરી છે પરંતુ માંગણી ના લાંબા સમય સુધી પણ આ વાત ટલ્લે ચઢતા કિસાનો રોષે ભરાયા છે.

આ બોકમાં પણી ભરાય તો લીમલા પ્રાંતિજ, સાદોલિયા, કમાલપુર, વાઘપુર સહિતના સંખ્યાબંધ ગામડાઓના ખેડૂતોને સિંચાઈ ક્ષેત્રે મોટો લાભ થઈ શકે તેમ છે. અને કિસાનોની હમરાહ ગણાવતી આ સરકારનું તંત્ર ઝડપથી યોગ્ય કરશે તો કિસાનોના હામીનો શબ્દ લેખે લાગેલો ગણાશે. બાકી બધો જ બકવાસ ગણાશે એવું કિસાન આગેવાનો જણાવી રહ્યા છે.

### ભિલોડાના ચિંતામણી ગામે

## માતા પર ડાકણનો વહેમ રાખી પુત્ર, પૌત્ર, પૌત્રવધૂએ હત્યા કરતા ચકચાર

### વૃદ્ધ માતાની હત્યાની ઘટનાએ ચારેકોર ધિક્કારની લાગણી

ભિલોડા, તા. ૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ચિંતામણી ગામમાં વયોવૃદ્ધ મહિલા ઉપર ડાકણનો વહેમ રાખી સગા પુત્ર, પૌત્ર અને પૌત્રવધુ આ ત્રણેય મળી હત્યા કરતાં ચકચાર મચી જવા પામી છે અને ચારેકોર ધિક્કારની લાગણી પ્રસરી છે ત્યારે પોલીસ સુત્રોથી મળતી માહિતી મુજબ આ બનાવની હકીકત એવી છે કે પોતાની મા-દાદી ડાકણ છે. તેવો વહેમ રાખી આજની ૨૧મી સદીમાં જીવતા પુત્ર,પૌત્ર અને પૌત્રવધુ આ ત્રણેય આરોપીઓએ જેમાં ૧.લક્ષ્મણભાઈ દીતાજી તબીયાડ (પુત્ર) ૨.પ્રતિકભાઈ લક્ષ્મણભાઈ તબીયાડ (પૌત્ર) ૩. વર્ષાબેન વાઈફ ઓફ પ્રતિકભાઈ તબીયાડ(પૌત્રવધુ) ભેગા મળી આશરે ૯૦ વર્ષની ઉંમર ધરાવતા દાદીમા નંદુબેન દીતાજી તબીયારના માથાના ભાગે તીક્ષ્ણ હથીયારોથી ઘા મારી મોત નિપજાવ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના તા.૨૯/૫/૦૧૫ ની સાંજે ૭ થી તા.૩૦/૫/૧૫ ની સવારના ૭ કલાક દરમ્યાન કોઈપણ સમયે આ કૃત્ય કર્યું હોવાનું જાણવા મળ્યું છે.ફરીયાદી રત્નાજી દિતાજી તબીયારની ફરીયાદના આધારે ભિલોડા પી.એસ.આઈ. એચ. પી. ઝાલાએ ધારાધોરણની કાર્યવાહી હાથ ધરી કલમ ૩૦૨,૩૪ જી.પી.એૅક્ટ ૧૩૫ મુજબ ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ હાથ ધરી છે.

# મહિન્દ્રાએ ન્યૂ એજ એકસયુવીપ૦૦ની રજૂઆત કરી

ભારતમાં એસયુવીનું ઉત્પાદન કરતી અગ્રણી કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (એમએન્ડએમ લિ.) એ અમદાવાદમાં ન્યૂ એજ એકસયુવીપ૦૦ને ખુલ્લી મુકી છે. ટેકનોલોજીની સંખ્યાબંધ આધુનિક ખાસિયતો, ચિત્તા વડે પ્રેરિત નવું બોલ્ડ ઈન્ટિરીયર સ્ટાઈલિંગ, પ્લશ અને પ્રીમિયમ નવા ઈન્ટીરિયર્સ, વૈભવી અને પ્રીમિયમ નવું ઈન્ટીરિયર્સ, અસામાન્ય કામગીરી અને પોતાના વર્ગમાં ઉત્તમ એવી સુરક્ષા વડે સજ્જ ન્યૂ એજ એકસયુવી પ૦૦ની રચના સંપૂર્ણપણે નવા અનુભવ માટે કરવામાં આવી છે. ન્યૂ એજ એકસયુવીપ૦૦ હવે છ વેરિયેન્ટસમાં ઉપલબ્ધ બનશે. જેમાં W4, W6, W8, W8 AWD અને નવાનકોર W10 અને W10AWD નો સમાવેશ થાય છે. W4 વેરિયેન્ટનો ભાવ રૂ. ૧૧.૩૭ લાખના સ્પર્ધાત્મક સ્તરે રહેશે. વધુમાં ન્યૂ એજ એકસયુવીપ૦૦ ક્રોમ ઈન્સર્ટસ ધરાવતી વિશિષ્ટ નવી ફ્રન્ટ ગ્રિલ, સ્ટાઈલિશ લાઈટ ગાઈડસ ધરાવતા નવા સ્ટેટિક બ્લેન્ડિંગ હેડલેમ્પ્સ, ક્રોમ બેઝેલ ધરાવતા અનોખા નવા ફોગ લેમ્પ્સ, નવી પ્રીમિયમ વિન્ડો ક્રોમ લાઈનિંગ, સ્ટાઈલિશ નવી ૪૩ સે.મી. (૧૭ ઈંચ)ના એલોય વ્હીલ્સ અને નવા રિયલ ક્રોમ એપ્લીકનો સમાવેશ થાય છે.

# ભિલોડાની ભુવનેશ્વરી રેસ્ટોરન્ટમાં શોર્ટ સર્કિટથી આગ ભભૂકી : અંદાજે દોઢ લાખનું નુકસાન

ભિલોડા,તા.૩૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડ સામે આવેલ ભુવનેશ્વરી રેસ્ટોરન્ટમાં ઈલેક્ટ્રીકના વાયરોમાં શોર્ટ-સર્કિટથી આગ લાગતા અંદાજીત રૂા.૧,૫૦,૦૦૦/-નું નુકશાન થયેલ હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. ભુવનેશ્વરી રેસ્ટોરન્ટ, ભિલોડા, નિતીનભાઈ શંકરભાઈ રાવલના જણાવ્યા મુજબ વહેલી સવારે ૭ વાગ્યાના સુમારે શોર્ટ-સર્કિટથી દુકાનમાં આગ લાગતા અંદાજીત રૂા.૧,૫૦,૦૦૦/-નું નુકશાન થયેલ છે. ભુવનેશ્વરી રેસ્ટોરન્ટની અંદર આગ લાગવાથી ફ્રિઝ, ફર્નિચર, આઈક્રીમ, કોલ્ડ્રીંક્સની બોટલો, કેરેટો સહિત નાની-મોટી ચીજવસ્તુઓ શોર્ટ-સર્કિટના કારણે આગ લાગવાથી બળીને ભસ્મીભુત થઈ ગઈ હતી.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક સહિત આજુ-બાજુના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં જ્યારે-જ્યારે આગ લાગવાના બનાવો બને છે ત્યારે આગની જ્વાળાઓ બુજાવવા માટે ગ્રામજનો પાસે માત્ર પ્રાઈવેટ પાણીની ટેન્કરો સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી. ભિલોડામાં આગ બુજાવવા માટે ફાયર બ્રિગેડવાળા મોટા ભાગે જીલ્લા મથક હિંમતનગર, મોડાસાથી બોલાવવા પડતા હોય છે ત્યારે ફાયર બ્રિગેડવાળા આવે ત્યાં સુધીમાં તો આગ લાગી હોય ત્યારે તો લાખ્ખો રૂપિયાનું નુકશાન થઈ જતું હોય છે. ભિલોડામાં ફાયર બ્રિગેડ વાનની વર્ષો જુની માગણી હોવા છતાં કયા કારણોસર ફાળવવામાં આવતી નથી તે પ્રજાજનોને હવે સમજાતું નથી.

ભિલોડા તાલુકામાં અવાર-નવાર નાના-મોટા આગ લાગવાના બનાવો શોર્ટ-સર્કિટથી બનતા હોય છે ત્યારે લાખ્ખો રૂપિયાનું નુકશાન નિર્દોષ ખેડુતો અને વેપારીઓને ભોગવવાનો વારો આવતો હોય છે. ભિલોડા તાલુકા મથક ખાતે ફાયર બ્રિગેડ વાન આપવામાં આવે તેવી ભિલોડા તાલુકાના ખેડુતો, વેપારીઓ અને પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦